# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી — તા. ૧૩/૦૧/૨૦૨૩

- **ગુજરાત યુનિવર્સીટીએ ડિગ્રી, સર્ટિફિકેટ, માઈગ્રેશન, ટ્રાન્સક્રિપ્ટ વેરિફિકેશન ફી માં રૂ ૩૦૦૦ જેટલો ધરખમ વધારો કર્યો. : હેમાંગ રાવલ**
- **ભાજપના પદાધિકારીઓ આ બાબતે સદંતર મૌન છે અને વિરોધ નથી કરી રહ્યા તેનો મતલબ એમ થયો કે તેઓ આ ભાવ વધારા સામે મુક સંમતિ આપી રહ્યા છે.: હેમાંગ રાવલ**
- **શિક્ષણ અને આરોગ્ય એ દેશના બંધારણે નાગરિકોને આપેલા મુળભુત અધિકારો છે. : હેમાંગ રાવલ**
- **જો આ ભાવ વધારો પાછો નહીં ખેંચાય તો કોંગ્રેસની વિધાર્થી પાંખ NSUI અને યુવા પાંખ યુથ કોંગ્રેસ વાલી અને વિધાર્થીઓ સાથે મળી ઉગ્ર આંદોલન કરશે : હેમાંગ રાવલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધતા પ્રદેશ કોંગ્રેસ મીડિયા ડિપાર્ટમેન્ટના સહ પ્રભારી અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, એક તરફ દેશ અને ગુજરાતની પ્રજા મોંઘવારીનો માર અને બેરોજગારીનો ભાર સહન કરી રહી છે ત્યારે હાલની પરિસ્થિતિની અંદર સૌથી કફોડી સ્થિતિ મધ્યમ વર્ગની છે. મધ્યમ વર્ગના માનવીની પોતાની કમાણીમાંથી તેમના બાળકોના શિક્ષણ પાછળ ૫૦% થી વધારે આવક વપરાઈ જાય છે. હાલમાં શાળા સંચાલક મંડળે પોતાની કારોબારીની અંદર ૫૦૦૦ રૂપિયા જેટલો ફી વધારો માંગીને વાલીઓની કમર તોડવાનો વાત કરેલી છે. બીજી તરફ ગુજરાત યુનિવર્સિટીના સત્તાવાળાઓએ પણ જુદી જુદી માર્કશીટ બાદ મેળવવામાં આવતા સર્ટીફીકેટોમાં પણ ધરખમ ભાવ વધારો ઝીંક્યો છે. સરકાર, શિક્ષણ વિભાગ અને ભાજપના પદાધિકારીઓ આ બાબતે સદંતર મૌન છે અને વિરોધ નથી કરી રહ્યા તેનો મતલબ એમ થયો કે તેઓ આ ભાવ વધારા સામે મુક સંમતિ આપી રહ્યા છે.

ગુજરાત યુનિવર્સીટીએ માર્કશીટ,ડિગ્રી સર્ટિફિકેટ વેરિફિકેશન ફી માં ધરખમ વધારો કર્યો છે. માર્કશીટ વેરિફિકેશનનાં રૂ.૫૦ થી વધારી રૂ.૪૦૪ કરવામાં આવ્યા, ટ્રાન્સક્રિપ્ટ વેરિફિકેશન અને સીલકવરનાં રૂ.૫૦૦થી વધારી રૂ.૭૩૬ કરાયા, ડિગ્રી વેરિફિકેશનનાં રૂ.૨૦૦થી વધારી રૂ.૫૫૪ અને માઇગ્રેશન સર્ટીફીકેટનાં રૂ.૧૧૦ થી વધારી રૂ.૪૫૨ કરાયા,પ્રોવિઝનલ સર્ટીફીકેટની ફીમાં પણ ૨૩૬ રૂપિયાનો વધારો ઝીકાયો.

આ ભાવ વધારા બાદ વિદ્યાર્થીને માર્કશીટ બાદ બીજા જરૂરી ડોક્યુમેન્ટ માટે ૩૦૦૦ રૂપિયા વધુ ચૂકવવા પડશે.

શિક્ષણ અને આરોગ્ય એ દેશના બંધારણે નાગરિકોને આપેલા મુળભુત અધિકારો છે. જ્યારે સરકારી યુનિવર્સિટીમાં જ આ પ્રકારનો ગેરવ્યાજબી ભાવ વધારો થાય તે વાલીઓ અને વિધાર્થીઓ માટે ભાજપ સરકારે મારેલી થપ્પડ બરાબર છે.

જો આ ભાવ વધારો પાછો નહીં ખેંચાય તો કોંગ્રેસની વિધાર્થી પાંખ NSUI અને યુવા પાંખ યુથ કોંગ્રેસ વાલી અને વિધાર્થીઓ સાથે મળી ઉગ્ર આંદોલન કરશે.


હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા
9898233038